# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-07-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## FREE SANAD

રાજ્યના ગ્રામ્ય વિસ્તારોના મિલકતધારકોને રહેણાંકની મિલકતના હક્ક દર્શાવતી ‘સનદ’ હવે વિનામૂલ્યે અપાશે. રાજ્ય સરકારે મિલકતધારક પાસેથી 200 રૂપિયાની મોજણી એટલે કે સરવે ફી લઈને અપાતી સનદ હવે ગ્રામીણ મિલકતધારકોને નિઃશુલ્ક આપવાનો નિર્ણય કર્યો છે.

‘સ્વામિત્વ’ યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારોના મિલકતધારકોને પ્રોપર્ટી કાર્ડની નકલ ઉપરાંત ‘સનદ’ પણ વિનામૂલ્યે મળતા તેમને સનદ મેળવવાના નાણાંકીય ભારણથી મુક્તિ મળશે. આનાથી અંદાજે 25 લાખ લોકોને લાભ થશે.

. . . . .

# ARAVALLI POLICE APPEAL

અરવલ્લી જિલ્લામાંથી દૂધ ભરાઈને સાબર ડેરી ખાતે જતાં પશુપાલકોને દૂધ ન ઢોળવા પોલીસે અપીલ કરી છે. આ અંગે ASP સંજયકુમાર કેશવાલાએ વધુ માહિતી આપી.

(બાઈટ : સંજયકુમાર કેશવાલા, ASP, અરવલ્લી)

. . . . .

# RAIN FORECAST

રાજ્યમાં વરસાદનું જોર યથાવત્ છે. આજે બપોરે 12 વાગ્યા સુધીમાં 60 તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ ચાર ઈંચ જેટલો વરસાદ અમદાવાદ સિટી તાલુકામાં વરસ્યો છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ વરસાદ 53 ટકાને વટાવી ગયો છે.

બીજી તરફ, હવામાન વિભાગે આજે ઉત્તર , મધ્ય અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. જ્યારે રાજ્યના માછીમારોને આગામી 24 જુલાઈ સુધી દરિયો ન ખેડવા પણ સૂચના અપાઈ છે.

દરમિયાન રાજ્યમાં કોઈ પણ કટોકટીને પહોંચી વળવા રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ- N.D.R.F.ની 12 અને રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ- S.D.R.F.ની 20 ટુકડી વિવિધ જિલ્લામાં ખડેપગે હોવાના અહેવાલ છે.

તો રાજ્યમાં હાલ 28 બંધ 100 ટકા ભરાયા છે. જ્યારે મહેસાણાનો ધરોઈ બંધ આજે સવારે આઠ વાગ્યાની સ્થિતિએ કુલ 76 ટકા જેટલો ભરાયો છે.

. . . . . . . . .

# ROAD REPAIR

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ક્ષતિગ્રસ્ત માર્ગ અને બ્રિજનું કામ હાલમાં ચાલી રહ્યું છે. ત્યારે ગીર સોમનાથના કલેક્ટરે આજે વિવિધ બ્રિજની મુલાકાત લઈ સમીક્ષા કરી. તેમણે પેઢાવાડા , સિમાસી સહિતના બ્રિજનું નિરીક્ષણ કરી સમારકામ અંગે સૂચના આપી.

ડાંગ જિલ્લામાં કાંગર્યામાળ—જારસોળ—પંપા સરોવર માર્ગનું સમારકામ હાથ ધરાયું છે. આ માર્ગ પ્રસિદ્ધ ધાર્મિક અને પ્રવાસન સ્થળ શબરીધામ અને પમ્પા સરોવર સાથે જોડાણ ધરાવે છે. પ્રવાસીઓ અને રાહદારીઓની વ્યવસ્થા તથા સલામતીને ધ્યાને લઈ સમારકામ શરૂ કરાયું છે.

ઉપરાંત ડાંગના ધારાસભ્ય વિજય પટેલ અને તેમની ટીમે વિશ્રામ ગૃહ સહિત સર્પગંગા તળાવ પર ચાલવા માટેના માર્ગ, બગીચા વિસ્તારનું નિરીક્ષણ કર્યું.

. . . . . . . . . . . . .

# MEHSANA KHARIF VAVETAR

મહેસાણા જિલ્લામાં સારા વરસાદને કારણે 91 હજાર 942 હેક્ટર જમીનમાં ખરીફ પાકનું વાવેતર થયું છે. જિલ્લામાં 26 હજાર 628 હેકટરમાં કપાસ, 18 હજાર 451 હેકટરમાં મગફળી , 23 હજાર 287 હેક્ટરમાં ઘાસચારાનું વાવેતર થયું છે. જ્યારે વિજાપુર તાલુકામાં 24 હજારથી વધુ હેક્ટરમાં અને બેચરાજી તાલુકામાં 2 હજારથી વધુ હેક્ટરમાં ખરીફ પાકનું વાવેતર થયું છે.

. . . .

# MAHISAGAR – ACCIDENT

મહીસાગર જિલ્લાના બાલાસિનોર નજીક ટ્રક અને બાઇક વચ્ચે અકસ્માત થતાં એકનું મોત થયું. અમારા પ્રતિનિધિ કૌશિક જોશી જણાવે છે, રાજપુરી દરવાજા પાસે સર્જાયેલા અકસ્માતમાં બાઈકચાલકનું મોત નીપજયું હતું. બાલાસિનોર ટાઉન પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી.

. . .

# BOTAD BHANUBEN

બોટાદ જિલ્લાનાં પ્રભારી મંત્રી ભાનુબેન બાબરિયાએ આજે કલેક્ટર કચેરી ખાતે વરસાદના કારણે અસરગ્રસ્ત માળખાગત સુવિધાની સમીક્ષા કરી. તેમણે બંધ કરાયેલા બ્રિજની વિગત મેળવી , બ્રિજની ટ્રાફિક ભારક્ષમતા , બ્રિજોની વર્તમાન સ્થિતિથી ડાયવર્ટ થયેલા માર્ગમાં આવતા રસ્તાનાં સમારકામનાં સૂચનો કર્યા હતા.

દરમિયાન સુશ્રી બાબરિયાએ બોટાદ શહેર ખાતે ટ્રાફિક સિગ્નલનું અનાવરણ કર્યું. 10 લાખ રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલું આ સિગ્નલ શહેરની ટ્રાફિક વ્યવસ્થાને વધુ સુવ્યવસ્થિત અને સુરક્ષિત બનાવવા પણ મહત્વની ભુમિકા ભજવશે.

. . .

# GUJARAT BOARD

રાજ્યમાં ધોરણ 10 અને સંસ્કૃત પ્રથમા તેમજ ધોરણ 12 સામાન્ય , વ્યવસાયલક્ષી, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ તથા સંસ્કૃત મધ્યમાની પૂરક પરીક્ષા આપનારા ઉમેદવારો શિક્ષણ બૉર્ડની વેબસાઈટ WWW.GSEB.ORG પર ગુણ-ચકાસણીની અરજી કરી શકશે. આગામી 28 જુલાઈએ સાંજે પાંચ વાગ્યા સુધી ઉમેદવારો આ માટેની ઑનલાઈન અરજી કરી શકશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે. ઉલ્લેખનીય છે કે , જૂન-જુલાઈ મહિનામાં લેવાયેલી પૂરક પરીક્ષાનું પરિણામ 17 જુલાઈએ જાહેર કરાયું હતું.

. . .